॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

Email : office@sanatandharmpatrika.com I Web : www.sanatandharmpatrika.com

● સં. ૨૦૭૬ ● ભાદરવા વદ-૬ ● તા. ૦૮-૦૯-૨૦૨૦ ● મંગળવાર SDP NO: 143 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com

મિશન પોલિટિકસ

- શ્રી રત્નાગીરી સિંધુદુર્ગ જિલ્લા યુવા સંઘ

શ્રી સંગમેશ્વર દેવરૂખ તાલુકા યુવા સંઘ અને શ્રી રત્નાગિરી - સિંધુદુર્ગ જિલ્લા યુવાસંઘ નું ગૌરવ.

શ્રી સતીષ હરીલાલ છાભૈયા, જલારામ ટ્રેડિંગ કંપની, સંગમેશ્વર. જેઓની ભારતીય જનતા પાર્ટી યુવા મોર્ચા રત્નાગિરી જિલ્લાના કોષાધ્યક્ષ (treasurer) તરીકે ગૌરવરૂપ વરણી થવા બદલ તાલુકા યુવા સંઘવતીથી તેમનું શુભેચ્છા સાથે સન્માન કરવામાં આવ્યું હતું.

સન્માન સમારોહ પ્રસંગે ઉપસ્થિત તાલુકા યુવાસંઘ ના પ્રમુખ શ્રી વિનોદભાઈ દિવાણી અને મહામંત્રી શ્રી મુકેશભાઈ ભગત વગેરે ઉપસ્થિત રહ્યા હતાં.

વિશેષ માં સતીષભાઈ ના પિતા શ્રી હરીભાઈ છાભૈયા પણ ભારતીય જનતા પાર્ટીના જિલ્લા ઉપપ્રમુખ પદે સેવા આપી રહ્યા છે.

MISSION GREE NINDIA

MGR, PRO - નરેશ રત્નાણી (નરોડા)

શ્રી અ.ભા.ક.ક.પા. યુવાસંઘ, નર્મદા કાઉન્સિલ - : મહાત્મા ગાંધી રિજિયન :

મહાત્મા ગાંધી રિજિયન ના ચેરમેન શ્રી વિપુલભાઇ પોકારના પુત્ર હેત પોકારનાં ૧૮ માં જન્મ દિવસ નિમિત્તે વૃક્ષારોપણ કરી પર્યાવરણ ની જાળવણી ના કાર્ય સાથે જન્મ દિવસ ની ઉજવણી કરી હતી.

તેમના આ પર્યાવરણ હિત ના કાર્યમાં નર્મદા કાઉન્સિલ સેક્રેટરી ડો. વિપુલ છાભૈયા, સેન્ટ્રલ સ્પોર્ટ્સ કન્વિનર CA પંકજભાઈ પારસિયા, MGR ના YSK કન્વિનર રમેશભાઈ છાભૈયા, નરોડા યુવા મંડળ ના પૂર્વ પ્રમુખ હસમુભાઇ સુરાણી અને અશોકભાઈ રંગાણી એ હાજરી આપી હતી.

વિશેષ માં વિપુલભાઈ પોકારે તેમના પુત્ર હેતના જન્મ દિવસ ને યાદગાર બનાવવા દીકરા નું YSK સભ્યપદ મેળવ્યું અને સાથે સાથે તેમની ભત્રીજી કિંજલ પોકાર નુ પણ YSK ફોર્મ ભર્યું છે.

હેત ને તેના જન્મ દિવસ ની હાર્દિક શુભેચ્છા સાથે ઉજવળ ભવિષ્યની શુભકામનાઓ.

પ્રેરણાત્મક ... આપણે સૌએ અપનાવવા જેવું ...

તા :- ૦૮/૦૯/૨૦૨૦

જયમીન બળવંત ભાઈ ચોપડા, દહેગામ - SBR (Conv.Web.) 9099797766.

રોહીત છગનલાલ રુડાણી, ખમ્મામ - TAP (Conv.ENT) 9908801099.

પ્રતિનિધિ :- નિલેશ સુરાણી, તલોદ.

પોતાના ૦૮-૯-૨૦૨૦ ના રોજ જન્મદિવસ નિમિત્તે સનાતન ધર્મ પત્રિકા ના આજીવન સભ્ય બની સમાજ પ્રત્યેની પોતાની ફરજ અને લાગણી વ્યક્ત કરી છે.

શ્રી સમાજ અને યુવાસંઘ તેમનો આભાર સાથે જન્મ દિવસની ખૂબ ખૂબ શુભેરછાઓ પાઠવે છે.

૧૦૦ મો પ્રશ્ન..

ગઈકાલે સનાતન ધર્મ પત્રિકા નાં એક મિનિટમાં સમાચાર ની વીડિયો ક્લિપ માં પૂછાતા જ્ઞાન વર્ધક પ્રશ્નો ની સંખ્યા ૧૦૦ એ પહોંચી હતી. અને અત્યાર સુધીમાં હજારો લોકો નાં જવાબો પ્રચાર પ્રસાર સમિતિ ને મળ્યા છે... જેમાંથી દરરોજ એક વિજેતા ઘોષિત થાય છે.

અત્યાર સુધીના આપ જ્ઞાતિજનોના મળેલ સહકાર બદલ પ્રચાર પ્રસાર સમિતિ સર્વે નો આભાર પ્રગટ કરે છે.

શ્રી અ.ભા. ક. ક. પા.સમાજ ની પ્રચાર પ્રસાર સમિતિ દ્વારા પ્રસ્તુત. "સનાતન ધર્મ પત્રિકા" ૧ મિનિટ ના સમાચાર માં પૂછાતા પ્રશ્ન ના જવાબ અને વિજેતા

તા. ૦૬.૦૯.૨૦૨૦ નો પ્રશ્ન નબર ૯૯ :-

"કોલકત્તા ની હુગલી નદી ને કિનારે સ્વામી વિવેકાનંદ દ્વારા સ્થાપિત રામકૃષ્ણ મિશન નાં હેડ ક્વાર્ટર તરીકે એક મઠ છે, તેનું શું નામ છે..??

સાચો જવાબ : બેલુર મઠ

સાચો જવાબ આપનાર વિજેતા : હંસાબેન રમણીક લીંબાણી - કલ્યાણ. 9665563386.

ગઈકાલ તા.૦૭.૦૯.૨૦૨૦ નો પ્રશ્ન નંબર ૧૦૦ :

"રા'ખેંગાર (ખેંગારજી બાવા) કોણ હતા..? અને તેમનો કચ્છ સાથે શું સબંધ હતો...??

આજના પ્રશ્ન નંબર ૧૦૧ માટે જુઓ આજની સમાચાર વિડિયો ક્લિપ...

આપનો જવાબ આપના નામ અને ગામ સાથે આજ રાત ૧૨ વાગ્યા સુધીમાં વોટ્સેપ દ્વારા 7718977774 પર મોકલો અને જીતો ઇનામ ...

આપણું મુખપત્ર, આપણો સમાજ, ઘર ઘર પહોંચાડીએ આપણો અવાજ..

ગુજરાત રાજ્ય માં બેસ્ટ અધ્યાપક ની પસન્દગી માં ક.ક.પા. નું ગૌરવ ડો.બ્રિજેન ભગત..

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા (Minister of Education, Govt. of Gujarat) અને શ્રી વિભાવરીબેન દવે (Minister of State, Women and Child Welfare, Education, Govt. of Gujarat) ના માર્ગદર્શન અને અધ્યક્ષતામાં ઉચ્ચ શિક્ષણ આપતી કોલેજો અને કોલેજોના પ્રાધ્યાપકોને ઓનલાઇન શિક્ષણ, બેસ્ટ અને ઇનોવેટિવ પ્રેક્ટિસ માટે શ્રી અંજુ શર્મા (અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ) તથા શ્રી એમ. નાગરાજન (કમિશનરશ્રી, હાયર એજ્યુકેશન) દ્વારા શ્રેષ્ઠ કોલેજો અને શ્રેષ્ઠ અધ્યાપકો તરીકે શિક્ષક દિનના રોજ ઓનલાઇન પ્લેટફોર્મ પરથી સન્માનિત કરવામાં આવ્યા.

શ્રેષ્ઠ કોલેજો અને શ્રેષ્ઠ અધ્યાપકોનું લિસ્ટ નીચે મુજબ છે.

શ્રેષ્ઠ કોલજો:

(Best College in Innovative Practices & Online Teaching)

Goverment Engineering College, Modasa.

Gujarat Arts and Science College, Elisbridge, Ahmedabad.

SMT. K. S. N. Kansagara Mahila College, Rajkot.

Shree M. P. Shah Arts and Science College, Surendranagar.

Shri U. P. Arts, Smt. M. G. Panchal Science & Shri V. L. Shah Commerce College, Pilvai.

શ્રેષ્ઠ અધ્યાપકો (સરકારી કોલજો)

(Best Teachers for Innovative Practices in Government Colleges)

(૧) Dr. Brijen S. Patel (Shri K. K. Shastri Arts College, Maninagar) Dr. બ્રિજેન ભગત વિથોન.

(૨) Jignesh Tapariya (Gujarat Arts and Science College, Elisbridge)

(૩) Dr. Pankaj Patel (Goverment Arts College, Bayad)

શ્રેષ્ઠ અધ્યાપકો (ગ્રાન્ટ ઈન એઈડ કોલજો)

(Best Teachers for Innovative Practices in Grant in Aid)

(૧) Chintan A. Mahida (Shree S. D. Patel Arts and C. M. Patel Commerce College, Anklav, Anand)

(૨) Dr. Disha A. Goswami (Tolani Arts and Science College)

(૩) Dr. Ilaben P. Virani (P. D. M. Graduate Teachers Training College)

શ્રેષ્ઠ અધ્યાપકો (ટેક્નિકલ કોલેજો)

(Best Teachers for Government Technical Colleges)

(૧) Yogesh Chauhan (Govt. Engineering College, Palanpur)

(૨) Hardik M. Agravatt (Shri K. J. Polytechnic, Bharuch)

(૩) Kumudini B. Prajapati (Government Polytechnic, Gandhinagar)

તમામ કોલેજો અને અધ્યાપકોને ખુબ ખુબ અભિનંદન

Dr. બ્રિજેન ભગત મૂળ ગામ વિથોણના હાલે અમદાવાદ.

તેઓ એ અર્થશાસ્ત્ર માં PHD કરેલ છે .

તેઓના ઘડતર માં તેમના મામા Dr. મોહનભાઈ છાભૈયા (આણંદ) નો પૂર્ણ સાથ અને તેઓએ મોહનભાઇ ની કોલેજ માં સાત વર્ષ અધ્યાપક તરીકે સેવા આપી, પછી સરકારી કોલેજ માં ભરતી થઈ. આપણા યુવાસંઘ ના પૂર્વ મહામત્રી નું નેતૃત્વ કરનાર અને હંમેશા નાવીન્યતા લાવનાર ડો.મોહનભાઇ આવા અનેક ને ડાયમંડ ની જેમ પોલીસ કરી ને એજ્યુકેશન ક્ષેત્ર માં કકપા ના દીકરા દીકરી ને ચળકતા કર્યા છે...

બેસ્ટ અધ્યાપક ના રેંક નંબર ૦૧ પર આવનાર Dr. બ્રિજેન ભગત મણિનગર સરકારી કોલેજ માં શિક્ષણ આપે છે, અને ગાંધીનગર માં પણ તેમની કલાસ ૦૨ ઓફિસર તરીકે ની વરણી છે...

ખુબજ ઉત્તમ પ્રકાર નું ટેલેન્ટ ધરાવનાર આ યુવા ને ગુજરાત સરકાર દ્વારા નવાજવમાં આવેલ છે જે આપણી સમાજ ની પ્રથમ ઘટના બની છે...

અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ ના આ એજ્યુકોઝ ના પંચામૃત ને આપણે તમામ અભિનદીત કરીયે...

યુવાસંઘના ઉત્તર ગુજરાત રીજીયન એ કરી પસંદગી સમિતિ ની રચના

યુવા સંઘ ઉત્તર ગુજરાત રીજીયન ની ટર્મ ૨૦૨૦-૨૨ માટેની પસંદગી સમિતિના સભ્યોનું લિસ્ટ જે અમોએ રીજીયનની ONLINE કારોબારી સભામાં મંજૂરી સાથે અને જે તે સભ્યોના કન્ફોર્મેસન બાદ નક્કી કરેલ છે જે નીચે મુજબ છે.

૧)	શાંતિલાલ ગોગારી,	ગાંધીનગર,	મો. 9825033740.
૨)	મોહનભાઈ પોકાર,	પાલનપુર,	મો. 9824434550.
૩)	દિનેશભાઈ મૈયાત,	કલોલ,	મો. 982429601.
૪)	દિનેશભાઈ ગોગારી,	ગાંધીનગર,	મો. 9909973777.
૫)	જીતેન્દ્રભાઈ રામાણી,	માણસા,	મો. 9998513075.
૬)	દિનેશભાઈ પોકાર, IPC,	કલોલ,	મો. 9427061102.
૭)	દિનેશભાઈ વાડિયા, RC,	ડીસા,	મો. 9427647092.